# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: કલ્પના શાહ

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

તારીખ : ૧૬-૦૭-૨૦૨૪ મંગળવાર                    સમય : સાંજે ૬:25 કલાકે

---

## ચાંદીપુર વાઇરસ-આરોગ્યતંત્ર:

સામાન્યત: ચોમાસાની ઋતુ માં ફેલાતા ચાંદીપુરા રોગે રાજ્યમાં દેખા દીધી છે . જેના પગલે રાજ્યનું આરોગ્ય તંત્ર સતર્ક બન્યું છે. આ રોગ 9 મહિનાથી 14 વર્ષની ઉંમરના બાળકોમાં જોવા મળે છે. આરોગ્ય વિભાગ દ્વારા સઘન સર્વેલન્સની કામગીરી કરવામાં આવી રહી છે. આ કોઇ ચેપી રોગ નથી એટલે એનાથી ગભરાવવાની જરૂર નથી. એમ જણાવતા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આ પ્રમાણે જણાવ્યું હતું (બાઈટ: ઋષિકેશ પટેલ)

- (પરેશ મારુ)

---

## કિસાન સન્માન નિધિ-વિગતો અપડેટ :

જિલ્લામાં પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના હેઠળ ખેતીની જમીન ધરાવતા ખેડૂત ખાતેદારને પ્રતિ વર્ષ ત્રણ સમાન હપ્તામાં રૂ. ૬ ,૦૦૦ની સહાય તેમના ખાતામાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરના માધ્યમથી ચુકવવામાં આવે છે.

કેન્દ્ર સરકારની વર્તમાન સૂચના અનુસાર આ યોજનામાં સમાવિષ્ટ તમામ લાભાર્થીઓને ફરજિયાત પોતાના પી.એમ.કિસાન ખાતામાં ત્રણ વિગતો અપડેટ કરવી જરૂરી છે ,જેમાં લેન્ડ સીડિંગ એટલે કે,જમીનની વિગતો અપડેટ કરાવવી,બેંક સાથે આધાર સીડિંગ તથા ડી.બી.ટી. ઈનેબલ કરાવવું, અને ઈ–કે.વાય.સી. કરાવવાની કામગીરીનો સમાવેશ થાય છે.

જે ખેડૂતોને પી.એમ.કિસાન યોજનાની સહાય મળતી બંધ થઈ ગઈ હોય તેમણે આ ત્રણ વિગત અપડેટ છે કે નહીં તે ચેક કરવા ની રહેશે . લાભ મેળવતા ખેડૂતે પી.એમ.કિસાન વેબસાઈટ પર આ વિગતો ચેક કરી શકશે અથવા આ માટે ગ્રામ પંચાયતના વી.સી.ઈ.નો સંપર્ક કરવાનો રહેશે. તેવું જિલ્લા ખેતીવાડી અધિકારી કે.ઓ.વાઘેલા દ્વારા જણાવાયું છે.

- (માહિતીખાતુ, ભુજ)

---

## કારગીલ વિજય દિવસ ઉજવણી:

આ વર્ષે કારગિલ યુદ્ધમાં પાકિસ્તાન પર ભારતીય સેનાની જીતની રજતજયંતિ ઉત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણી અંતર્ગત ભુજના ભુજીયાડુંગર ખાતે આવેલ સ્મૃતિવનમાં શસ્ત્ર અને બેન્ડ પ્રદર્શનનું બે દિવસ દરમિયાન આયોજન કરાયુ હતું. 13 થી 15 જુલાઇના યોજાયેલ આ પ્રદર્શનીમાં મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો. આજની યુવા પેઢી રાષ્ટ્ર નિર્માણમાં આહુતિ આપનાર જવાનોની વીરતાથી પરિચય થાય અને હૃદયમાં દેશભાવના પ્રબળ બને તેવા ઉદેશ્ય સાથે બાલ્ડ ઇગલ બ્રિગેડ દ્વારા આ આયોજન કરાયું હતું.

- (પરેશ મારૂ)

---

## બાગાયતદાર ખેડૂતો-આઈ ખેડૂત પોર્ટલ :

જિલ્લાના તમામ બાગાયતદાર ખેડૂતો વર્ષ ૨૦૨૪-૨૫ માટે બાગાયત ખાતા દ્વારા ચાલતી યોજનાઓ અંતર્ગત "ગ્રો મોર ફ્રુટ ક્રોપ" ઇનિશિએટીવ હેઠળ ફળપાક વાવેતર ઘટકોમાં માટે સહાય મેળવવા તા. ૧૫ ઓગસ્ટ ૨૦૨૪ સુધી આઇ- ખેડૂત પોર્ટલ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. અન્ય નવીન યોજનાઓ જેવી કે , આંબા તથા લીંબુ ફળપાકના જુના બગીચાઓને નવસર્જન માટે , પપૈયા- ફળપાક ઉત્પાદકતા વધારવાનો કાર્યક્રમ માટે અને શાકભાજી પાકોમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન ઘટકોમાં તા. ૧૩ ઓગસ્ટ ૨૦૨૪ સુધી આઇ- ખેડૂત પોર્ટલ ઓનલાઇન અરજી કરવા માટે ખુલ્લુ મુકવામાં આવ્યું છે.

આ બાગાયતી સહાય મેળવવા ઇચ્છુક ખેડૂતોએ ઓનલાઇન અરજી કરી જરૂરી સાધનિક પુરાવા સાથે અરજી નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, બહુમાળી ભવન, ભુજ ખાતે મોકલી આપવાની રહેશે. આ તમામ યોજનાની ટૂંકી વિગતો આઇ-ખેડૂત પોર્ટલ ઉપર ઉપલબ્ધ છે તેમજ વધુ માહિતી માટે નાયબ બાગાયત નિયામકશ્રી ભુજ કચ્છનો સંપર્ક કરવા માટે જણાવાયું છે.

- (માહિતીખાતુ, ભુજ)

---

## જીલ્લામાં વરસાદ:

બંગાળની ખાડીમાં સર્જાયેલી સીસ્ટમની અસર હેઠળ ગઈકાલે જીલ્લામાં એકથી અઢી ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો. અંજાર અને ગાંધીધામમમાં તોફાની પવન સાથે દોઢ થી અઢી ઇંચ તો ભુજમાં દોઢ ઇંચ, નખત્રાણા અને પાવર પટ્ટી પંથકમાં એક થી બે ઇંચ, મુન્દ્રા પંથકમાં એક થી દોઢ ઇંચ જયારે માંડવી અને વાગડ પંથકમાં છુટા છવાયા ઝાપટાં વરસ્યા હતા. ધોધમાર વરસાદને પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. ગાંધીધામ ખાતે ભારે પવન સાથે વરસાદને પગલે વૃક્ષ તેમજ હોર્ડિંગ્સ ધરાશાયી થયા હતા તો, નીચાણ વાળા કેટલાક વિસ્તારોમાં જળભરાવથી લોકોના ઘરોમાં પાણી ભરાયા હતા.

- (કલ્પના શાહ)

---